ગાંધીનગર સમાચાર

રણાસણમાંથી શ્રાવણીયો જુગાર રમતા છ શકુનીઓ પકડાયા

## @ગાંધીનગર

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે સાંજે ૫.૦૦થી ૮.૩૦ કલાક દરમિયાન અલંકાર શોભાના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રીજી શ્રીગોવર્ધનાથજીની હવેલી, સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન શ્યામ ઘટાના હિંડોળા યોજાશે.

● સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે કોડીના હિંડોળા યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે જયેશભાઈ દવેના નિવાસસ્થાન બ્લોક નં. ૫૫/૮, ચ ટાઈપ, સે-૨૮ ખાતે શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● દશામા યુવક મંડળ દ્વારા રાત્રે ૯ કલાકે સે-૨૪ (જ-૧) બ્લોક નં. ૪ પાસે આવેલ દશામાના મંદિર ખાતે માતાજીના ગરબા યોજાશે.

● સે-૨૩, સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે મહેશભાઈ ઠાકરના નિવાસસ્થાન સે-૨૬ ખાતે ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાં આવશે.

● સે-૨૬ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા વિશાલભાઈ ભટ્ટના નિવાસસ્થાન ૪૨૮/૨ કિસાનનગર ખાતે રાત્રે ૯ કલાકે શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શિવકથા તેમજ નમકીન પેકેટના હિંડોળા યોજાશે.

● સે-૧ સમદર્શન આશ્રમ ખાતે શ્રાવણ માસ નિમિત્તે સાંજે ૬.૩૦થી ૮.૦૦ કલાક દરમિયાન વિષ્ણુ સહસ્ત્રનામ વિષય ઉપર પૂજય ગુરૂમા સમાનંદજી દ્વારા શ્રાવણી સત્સંગ કરાશે.

● કે.બી. ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મા એજયુકેશન એન્ડ રીસર્ચ દ્વારા બપોરના ૧૨.૩૦ કલાકે ઓપોકેલિપ્સ-૨૦૧૬ કાર્યક્રમનો સે-૨૩ ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ હોલ ખાતે કવીઝ અને ડિબેટનો કાર્યક્રમ યોજાશે.

● શ્રી અરવિંદ કેન્દ્રના ઉપક્રમે અને ગાર્ગી પસારી ઠકકર સંચાલિત કથ્થકનો કાર્યક્રમ રાત્રે ૮.૦૦ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે યોજાશે.

● ગૂંજ ફાઉન્ડેશન દ્વારા બોરીજ પ્રાથમિક શાળા ખાતે સવારે ૮.૩૦ કલાકે વ્યસન મુકિત-જાગૃતિ કાર્યક્રમ યોજાશે.

# જિલ્લા પોલીસ દ્વારા 'મહિલા સુરક્ષા દિવસ'ની ઉજવણી

ગાંધીનગર, તા.૫

રાજય સરકારના મહિલા સશકિતરણ પખવાડીયાની ઉજવણીના ભાગરૂપે પોલીસ અધિક્ષક ગાંધીનગર દ્વારા પોલીસ અધિક્ષકની કચેરીના જિલ્લા તાલીમ કેન્દ્ર ખાતે 'મહિલા સુરક્ષા દિવસ'ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આદર્શ નિવાસી શાળા સે-૮ની વિદ્યાર્થીનીઓ દ્વારા સેલ્ફ ડીફેન્સની તાલીમનું નિદર્શન કરવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવે આ કાર્યક્રમમાં હાજર રહી વિદ્યાર્થીનીઓને આત્મ રક્ષણ કઈ રીતે કરવું જોઈએ તથા મહિલાઓ માટે પોલીસ વિભાગ દ્વારા કાર્યરત કરવામાં આવેલી વિવિધ હેલ્પલાઈન તથા અન્ય માહિતી આપી હતી.

ગાંધીનગર શહેર ઉપરાંત જિલ્લાની વિવિધ કોલેજોની ફાઈનલ વર્ષની ૫૦૦થી વધારે વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી. સમારંભની શરૂઆતમાં પી.આઈ. પી.સી. વાલેરાએ તમામને આવકારી સુરક્ષા સેતુ દ્વારા કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ અંગે જાણકારી આપી ત્યારબાદ આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહેલ શ્રીમતી મમતા રાવલ તેમજ મીની જોસેફ, પો.ઈન્સ. દ્વારા વિદ્યાર્થીનીઓને કારકીર્દી ઘડતર અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત સે-૨૭ની સરકારી શાળાના બાળકોએ પણ પોલીસ અધિક્ષકની કચેરીની મુલાકાત લીધી હતી. તમામ બાળકોને પોલીસ વિભાગની કામગીરીથી અવગત કરવામાં આવેલ તેમજ જુદા જુદા હથિયારોનું પ્રદર્શન રાખી માહિતી આપવામાં આવી હતી.




# સાઈ ખાતે વેસ્ટ ઝોન ઈન્ટર સાઈ હેન્ડબોલ ચેમ્પિયનશીપ યોજાઈ

## આગામી તા. ૮મી ઓગષ્ટથી સાઈ સંકુલ ખાતે નેશનલ ઈન્ટર સાઈ હેન્ડબોલ ચેમ્પિયનશીપ યોજાશે

ગાંધીનગર, તા.૫

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા દેશભરમાં વિવિધ ઝોન કક્ષાની હેન્ડબોલ સ્પર્ધાઓ યોજવામાં આવી રહી છે. ગાંધીનગર ખાતે સે-૧૫માં સાઈ સંકુલ ખાતે આજે વેસ્ટ ઝોનની ઈન્ટર સાઈ હેન્ડબોલ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગર્લ્સ અને બોયઝની વિવિધ કેટેગરીમાં થઈને કુલ ૧૧ ટીમોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિજેતા ટીમ આગામી ૮ થી ૧૧ ઓગષ્ટ દરમિયાન યોજાનાર નેશનલ ઈન્ટર સાઈ સ્પર્ધામાં ભાગ લેશે.

ગાંધીનગર સાઈ કોમ્પ્લેક્ષ ખાતે યોજાયેલ વેસ્ટર્ન ઝોન ઈન્ટર સાઈ હેન્ડબોલ સ્પર્ધામાં ગર્લ્સ વિભાગમાં કુલ ૩ ટીમોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં એસટીસી ગાંધીનગર-બી ટીમ






વિજેતા બની હતી જયારે એસટીસી ગાંધીનગર-એ દ્વતિયિ ક્રમે અને ડીબીએસ ચુરુ-રાજસ્થાન તૃતીય ક્રમે વિજેતા રહ્યા હતા. બોયઝ વિભાગમાં બે કેટેગરીમાં સ્પર્ધા યોજાઈ હતી. જેમાં અન્ડર-૧૫ કેટેગરીમાં ૪ ટીમોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં એસટીસી ગાંધીનગર પ્રથમ ક્રમે, એસટીસી જયપુર દ્વિતિય ક્રમે અને એસટીસી જોધપુર તૃતીય ક્રમે વિજેતા રહી હતી. આ સ્પર્ધાની અન્ડર-૧૯ કેટેગરીમાં પણ ૪ ટીમોએ ભાગ લીધો હતો. જેમાં એસીસી ગાંધીનગર-એ ટીમ પ્રથમ ક્રમે અને એસટીસી ગાંધીનગર-બી ટીમ દ્વિતિય ક્રમે તથા એસટીસી જોધપુર તૃતીય ક્રમે વિજેતા રહેવા પામી હતી. તમામ કેટેગરીમાં વિજેતા ત્રણેય ટીમોમાંથી બેસ્ટ ખેલાડીઓની પસંદગી દ્વારા એક એક ટીમ તૈયાર કરાશે જે આગામી રાષ્ટ્રીય કક્ષાની ઈન્ટર સાઈ હેન્ડબોલ ચેમ્પિયનશીપમાં ભાગ લેશે. નેશનલ ઈન્ટર સાઈ હેન્ડબોલ ચેમ્પિયનશીપ આગામી તા. ૮ થી તા. ૧૧મી ઓગષ્ટ દરમિયાન ગાંધીનગર સાંઈ સંકુલ ખાતે યોજાનાર છે.

વસ્ટ ઝોન ઈન્ટર સાઈ હેન્ડબોલ સ્પર્ધાના સમાપન પ્રસંગે ગાંધીનગર સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના રિજીયોનલ ડાયરેકટર આર.કે. નાયડુ, હેન્ડબોલ કોચ તથા એસટીસી ઈન્ચાર્જ શશિમોહન ધુમાલ તથા ટુર્નામેન્ટ કમિટિના ગણેશ દત્ત ચુભ ઉપસ્થિત રહ્યા હતા અને વિજેતા ટીમોને ટ્રોફી તથા ખેલાડીઓને મેડલ્સ તથા અન્ય ઈનામોથી સન્માન્યા હતા.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના આઠમા સ્થાપનાદિનની ઉજવણી



ગાંધીનગર, તા.૫

ગુજરાત સરકારશ્રી દ્વારા વિધાનસભામાં ૩૧ જુલાઈ ૨૦૦૯ના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના એકટને વૈધાનિક માન્યતા આપી હતી. દિનાંક ૩૧-૭-૨૦૧૬ના રવિવારના રોજ ચિલ્ડ્રન્સ યુનિ.એ સાત વર્ષ પૂર્ણ કરીને આઠમા વર્ષમાં મંગલપ્રવેશ કર્યો હતો. આ નિમિત્તે દિનાંક ૧-૮-૨૦૧૬ને સોમવારના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

યુનિ.ના કુલપતિ ડૉ. પ્રો.કે.એસ. લિખિયા સાહેબની અધ્યક્ષતામાં અને મહાનિયામક દિવ્યાંશુભાઈ દવેની પ્રેરક ઉપસ્થિતિમાં તેમજ શ્રીમતી વસંતબહેન લિખિયાની વિશેષ ઉપસ્થિતિમાં કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ નિમિત્તે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પ્રાદુર્ભાવની વૈચારિક ભૂમિકા પર ચિંતન મનન કરવામાં આવ્યું. યુનિ.ની અત્યાર સુધીની યાત્રાનું સિંહાવલોકન કરીને ભાવિ પરિપથ પર આગળ વધવા માટેની કટિબદ્ધતા વ્યકત કરવામાં આવી હતી. અધ્યક્ષ સ્થાનેથી માનનીય કુલપતિશ્રીએ ભારતના ભવ્ય-દિવ્ય આધ્યાત્મિક વારસાની પીઠિકા પર નૂતન આવિષ્કારો કરી વિશ્વસ્તરીય કાર્ય કરવા સૌ સ્ટાફ પરિવારને અભિપ્રેરીત કર્યા હતા. મહાનિયામકે ભારતભૂમિની ભવ્ય શૈક્ષણિક ઈતિહાસનું સ્મરણ કરતા તક્ષશીલા, વિક્રમશીલા, નાલંદા વિદ્યાપીઠને યાદ કરી તે દિશામાં મકકમ ગતિએ આગળ વધવા પ્રોત્સાહન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજેશ્વરીબા જાડેજાએ કર્યું હતું.

# રણાસણમાંથી શ્રાવણીયો જુગાર રમતા છ શકુનીઓ પકડાયા

## રૂ. ૧૦ હજારના રોકડ મુદ્દામાલ સાથે છ શકુનીઓની ધરપકડ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેર આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં શ્રાવણીયો જુગાર જામી રહ્યો છે ત્યારે ડભોડા પોલીસને ગઈ રાત્રે રણાસણ ગામમાં જુગાર રમતા શખ્સો નજરે પડયા હતા. ડભોડા પોલીસે રાત્રે દરોડો પાડીને છ શકુનીઓને જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડયા હતા. રૂ. ૧૦,૦૫૦નો રોકડ મુદ્દામાલ જપ્ત કરી પોલીસે છ શખ્સોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોડા પીએસઆઈ એન.એમ. ચૌધરી તથા તેમની ટીમે ગઈ રાત્રે ચોકકસ બાતમીને આધારે રણાસણ ગામની સીમમાં સ્થિત એક મકાનની બહાર ખુલ્લેઆમ રમાતા જુગારના સ્થળે દરોડો પાડયો હતો. પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી.જો કે પોલીસે કોર્ડન કરીને તમામ છ આરોપીઓને પકડી પાડયા હતા. રૂ. ૧૦,૦૫૦ના રોકડ મુદ્દામાલ સાથે રણાસણના સેંધાજી ભવાનજી ઠાકોર, અમદાવાદના વિક્રમ અમૃત ડાભાણી, નોબલનગરના કિરીટ ભાઈલાલ ઘમંડી, દસક્રોઈ મુઠીયા વિસ્તારના મનોજ વિષ્ણુ રાજપુત, સંતોષ ગુલાબરામ પાટીલ અને નાના ચિલોડાના મહેશ નાથા પ્રજાપતિ મળી છ શકુનીઓની ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### આંખ અને ચામડીનો રવિવારે ફ્રી નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૫

આઈ એન્ડ સ્કીન એડવાન્સ હોસ્પિટલ દ્વારા આંખ અને ચામડીનો ફ્રી નિદાન કેમ્પ આગામી તા. ૭ ઓગષ્ટના રોજ સિધ્ધરાજ ઝોરી, ચેમ્બર નં. ૧૧, સરગાસણ ચોકડી ખાતે સવારે ૯ થી૧૧ દરમિયાન યોજવામાં આવશે.

ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવેના હસ્તે આ નિદાન કેમ્પનું ઉદઘાટન કરવામાં આવશે. જરૂરીયાતમંદોને આ કેમ્પનો લાભ લેવા આંખના સ્પેશ્યાલીસ્ટ ડૉ. ચૈતન્ય શુકલ અને ચામડીના સ્પેશ્યાલીસ્ટ ડૉ. નેહા શુકલે આમંત્રણ પાઠવ્યું છે.

### એનએસયુઆઈના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર શહેર તથા જિલ્લા શાળા અને કોલેજોમાં વિદ્યાર્થીઓના પ્રશ્નો બાબતે સતત જાગૃત રહીને એનએસયુઆઈ સરકારને જગાડવાનું કાર્ય કરે છે. ગાંધીનગર સે-૧૫ આર્ટસ કોલેજમાં આજ રોજ એનએસયુઆઈના નવ નિયુકત હોદ્દેદારોની નિમણુંક ઓલ ઈન્ડિયા એનએસયુઆઈની મંજુરીથી કવોલીટી અને ઈકવોલીટી હેઠળ કરાઈ છે. જેમાં પ્રમુખ તરીકે કીરીટસિંહ રાણા ઉપપ્રમુખ તરીકે દેવેન્દ્રસિંહ વાઘેલા અને અપૂર્વસિંહ ચૌહાણ, મહામંત્રી તરીકે તેજસ પ્રજાપતિ અને આકાશ પટેલની વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત મંત્રી પદે આકાશ બિહોલા, જયદીપસિંહ રાઠોડ, સંદીપસિંહ પરમાર, સુનીલકુમાર પાંડવ અને આકાશ દરજીની વરણી કરાઈ હતી.

### ઝુલેશ્વર મહાદેવ મંદિરમાં ૧૦૮ દીવડાઓની મહાઆરતી

શ્રાવણ માસનો પ્રારંભ થતા જ શિવ ભકતોની શ્રધ્ધા અને લાગણીને ધ્યાનમાં રાખી શ્રાવણ માસના દરેક સોમવારે સે-૩૦ સ્થિત શ્રી ઝુલેશ્વર મહાદેવ મંદિર ખાતે ૧૦૮ દિવડાઓની મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૮ ઓગષ્ટને સોમવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે મહાઆરતી કરવામાં આવશે. મહાઆરતીમાં સામેલ થવા અને મંદિરમાં કરવામાં આવેલ રંગોળી-શ્રૃંગારના દર્શનનો લાભ લેવા ભાવિકોને પ્રમુખ સિંધી પંચાયત ગાંધીનગર દ્વારા જણાવાયું છે.

## વાતવાતમાં

● ગાંધીનગરના કોબા હાઈવે સ્થિત કમલમ ખાતે ભાજપના ધારાસભ્યોની બેઠકમાં નવા મુખ્યમંત્રીની વરણી માટેની જાહેરાત થવાની હોવાથી મોટી સંખ્યામાં પક્ષના કાર્યકરો ઉમટી પડયા હતા. આ કારણે કમલમ પાસેથી પસાર થતો સર્વિસ રોડ બંને તરફ છેક સુધી ગાડીઓ અને અન્ય વાહનોની લાંબી કતાર સાથેના પાર્કિંગથી ગીચોગીચ ભરાઈ ગયો હતો.

● સવારના પ્હોરથી જ આકાશ કાળા ડિબાંગ વાદળોથી એવું ઘેરાયેલું હતું કે જાણે ધોધમાર વરસાદ તુટી પડશે પરંતુ માત્ર થોડા ઘણા વરસાદી છાંટા સાથે દિવસભર અસહ્ય ઉકળાટે નગરજનોને ત્રાહિમામ પોકારાવી દીધું હતું. એક તરફ વાતાવરણમાં બફારો અને બીજી તરફ રાજકીય બેચેનીએ નગરજનો સતત ચિંતાતુર અવસ્થામાં જણાયા હતા.

● શહેરમાં પવિત્ર શ્રાવણ માસના આરંભ સાથે ફળાહારનો મહિમા વધવાથીવવિધ ફળો જેવા કે કેળા, સફરજન, ચીકુ વગેરેની માંગમાં વધારો થવા પામ્યો છે. આ સાથે શુક્રવારે શહેરની શ્રધ્ધાળુ મહિલાઓએ જીવંતિકા વ્રત ઉજવ્યું હતું.

● વરસાદી માહોલના પગલે નગરમાં ઠેર ઠેર પાણીના ખાબોચિયા, કાદવ કિચડ અને ગંદકીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ કારણે માખી મચ્છર જેવા જીવજંતુઓના ઉપદ્રવ સાથે વાહકજન્ય રોગોનું જોખમ વધી રહ્યું છે તેમજ વાઈરલ બિમારીઓના ભોગ બનેલા દર્દીઓથી શહેરના દવાખાના ઉભરાઈ રહ્યા છે.

### હજયાત્રીકો માટે રસીનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લામાંથી જનાર હજયાત્રીકો માટે જીએમઈઆરએસ, જનરલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે રસી આપવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૯ ઓગષ્ટ અને તા. ૧૩ ઓગષ્ટના રોજ સવારના ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન રસીનો કાર્યક્રમ યોજાશે. હજયાત્રીકોને પી.પી. યુનિટ વિભાગ, બાળકોની ઓપીડી, રૂમ નંબર-૬ જનરલ હોસ્પિટલ ખાતે ઉપસ્થિત રહી લાભ લેવા તબીબી અધિક્ષકે જણાવ્યું છે.

### જીઆઈપીએસની ગર્લ્સ ફૂટબોલમાં અંડર ૧૭માં વિદ્યાર્થીનીઓનો વિજય

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર ગ્રામીણ જિલ્લા ફૂટબોલ ટુર્નામેન્ટ તાજેતરમાં સ્વયં વિદ્યાલય ઈસંડ ખાતે યોજાઈ હતી. જેમાં ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલની વિદ્યાર્થીનીઓ અંડર-૧૭ ફૂટપોલ સ્પર્ધામાં તૃતીય સ્થાને વિજેતા બની શાળાનું ગૌરવ વધાર્યું હતું. તેઓને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને તેમની ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવીઅપેક્ષા સહ આશીર્વાદ આપવામાં આવ્યા છે. આમાંની ચાર વિદ્યાર્થીનીઓ નિધિ પટેલ, વિયા પટેલ, નેન્સી પટેલ અને દિપ્તી ચૌધરી ટુંક સમયમાં રાજયમાં રમવા જશે.

### ધી ગાંધીનગર અર્બન કો. ઓ. બેંક લિ.ની ચોથી નવીન વાવોલ શાખાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૫

ધી ગાંધીનગર અર્બન કો.ઓ. બેંક લિ. દ્વારા આગામી તા. ૭ ઓગષ્ટના રોજ વિકાસના ભાગરૂપે ચોથી નવિન વાવોલ શાખાનો શુભારંભ કાર્યક્રમ ૧૫-૧૬, વેર હાઉસ, સ્વામિનારાયણ સત્સંગ હોલની બાજુમાં વાવોલ ખાતે રાખવામાં આવ્યો છે. આ પ્રસંગે ધોળેશ્વર મહાદેવના મહંત શ્રી ૧૦૮ રામસ્વરૂપ પુરીજી મહારાજ અને વાવોલ રામધામના મહંત શ્રી ૧૦૮ મધુસૂદનદાસજી મહારાજ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવશે. રવિવારે સવારે ૯.૦૦ કલાકે શાખાનો શુભારંભ કરાવાશે. આ પ્રસંગે ચેરમેન ડાહ્યાભાઈ પટેલ, મેનેજીંગ ડિરેકટર નટવરલાલ પટેલ, વાઈસ ચેરમેન બિપીનભાઈ પટેલ અને જનરલ મેનેજર ગોવિંદભાઈ પટેલ હાજર રહેશે.




મહિલા સશકિતાકરણ પાખવાડીયાની ઉજવણી અંતર્ગત કે.વી.કે. રૂપાલ ખાતે કન્યા પ્રાથમિક શાળા રૂપાલની વિદ્યાર્થીનીઓ તથા શિક્ષકગણ રૂબરૂ મુલાકાતે આવેલ હતા. જેમાં કે.વી.કે. રૂપાલના કો-ઓર્ડીનેટર એસ.આર. ત્રિવેદીએ કૌલ્યવર્ધન કેન્દ્ર વિશે વિદ્યાર્થીનીઓને માહિતગાર કર્યા તેમજ સીવણ ટ્રેડમાં સુરેખાબેન ગજ્જર, બ્યુટીપાર્લર ટ્રેડમાં દેવયાનીબેન ત્રિવેદી તથા કોમ્પ્યુટર ટ્રેડમાં ગૌરાંગ પ્રજાપતિએ દરેક વિદ્યાર્થીનીઓને દરેક ટ્રેડ વિશે માહિતગાર કર્યા હતા.

### સિસિકા દ્વારા તેજસ્વી તારલાઓના સન્માનનો કાર્યક્રમ સંપન્ન

ગાંધીનગર, તા.૫

સિસિકા દ્વારા ધોરણ-૧૦, ૧૨ની જાહેર પરીક્ષામાં સારા ગુણાંકે ઉત્તીર્ણ થયેલ સભ્યોના પાલ્યનું જુલાઈ માસની માસિક સભાની સમાપ્તિ બાદ સન્માન કરવામાં આવ્યું હતું. પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ધો-૧૦ના ૧૬ અને ધો-૧૨ના વિજ્ઞાનપ્રવાહના ૬ વિદ્યાર્થીઓને રોકડ ઈનામ અભિવાદન પત્ર તેમજ પુષ્પગુચ્છથી પ્રમુખશ્રી ભાનુપ્રસાદ પુરાણીના હસ્તે અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. ધો-૧૦ અને ૧૨ના પ્રથમ નંબરે ઉત્તીર્ણ થનાર તેજસ્વી વિદ્યાર્થીઓને રજત ચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ઉપપ્રમુખ શ્રી હસમુખભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગર પંથકમાં શ્રાવણીયા જુગારની મોસમ

## શોખીનો ધંધા-રોજગાર છોડી જુગારની લતે ચડયા : ગુપ્ત સ્થળોએ રમાતા જુગારને પોલીસના છુપા આર્શીવાદની ચર્ચાઓ

ગાંધીનગર, તા.૫

જન્માષ્ટમીના એક માસ પહેલાથી જુગારીઓ પોતાના કસબ અજમાવવાનું શરૂ કરી દે છે. હાલ ગાંધીનગર પંથકમાં શ્રાવણીયા જુગારની બોલબાલા શરૂ થઈ ગઈ છે. ઠેર ઠેર રમાતા જુગાર પ્રત્યે પોલીસના આંખ આડા કાન પણ લોકોની નજરે ચડી ગયા છે. તીનપત્તીના શોખીન લોકો પોતાના ધંધો રોજગાર છોડીને જુગારના રવાડે ચડી ગયા છે. જુગાર રમવા માટે અનેક ગુપ્ત સ્થળોની પસંદગી થઈ છે અને તે માટે ભાડા પણ ચુકવાય છે. જો કે હાર્યો જુગારી બમણુ રમે તે મુજબ આ દુષણને વેગ મળે છે જે કારણે અનેક પરિવારો બેહાલ બની જતાં હોય છે. ગ્રામ્ય વિસ્તારો એ શહેરી જુગારીયાઓની હાલ પસંદ બની છે જેમાં પોલીસ મથકથી દુર રહેવાતું હોવાનો તર્ક જણાવી રહ્યા છે.

જન્માષ્ટમીના બહાના હેઠળ અનેક જુગારીઓ હાલ કાર્યરત બની ગયા છે. ગાંધીનગર તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં ગુપ્ત સ્થળોએ ટેબલો મંડાઈ ગયા છે. બાવન પત્તાની આ રમતમાં અનેક પરિવારો બરબાદ થઈ રહ્યા છે. પોતાના ધંધા રોજગારને બાજુમાં મુકી જુગારના રવાડે ચડેલા શકુનીઓ પરિવારની પણ પરવા કર્યા સિવાય પોતાના શોખને પોષી રહ્યા છે. જો કે પોલીસના અથાક પ્રયત્નો છતાં આ પ્રવૃત્તિ નિરંતર ચાલતી જ રહે છે. જેમાં પોલીસના છુપા આર્શીવાદ હોવાની શંકા પણ લોકોએ વ્યકત કરી છે.

ઘર, જમીન, દર દાગીના વેચીને પણ જુગાર રમવા ટેવાયેલા લોકો અનેકગણું દેવું થઈ જતા આત્મહત્યા કરતા હોય છે. જેથી આ બદી સમાજમાંથી દૂર થાય તેવા તંત્રના સઘન પ્રયાસો વધુ અસરકારક બને તેવી લોકો અપેક્ષા સેવી રહ્યા છે. જુગાર રમવા માટે કેટલાક લોકો પોતાનું સ્થળ, ખેતર કે રૂમ ભાડે આપતા હોય છે અને ખાવા-પીવા તથા પાન મસાલા સુધીની વ્યવસ્થા પણ કરી આપતા હોય છે. શ્રાવણીયો જુગાર હાલ પૂરબહારમાં રમાઈ રહ્યો છે જે અંગે પોલીસના બાતમીદારો સહિત સૌ કોઈ જાણતું હોય છે. પરંતુ પોલીસ પણ આ સંજોગોમાં પોતાનો રોટલો શેકી લેવાનું જ મુનાસિબ માનતી હોય તેવો માહોલ સર્વત્ર ઉભો થયો છે.

### સિધ્ધાર્થ લો કોલેજ ખાતે મેમરી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર, તા.૫

સિધ્ધાર્થ લો કોલેજ ખાતે શુક્રવારના રોજ જે.સી. પટેલ દ્વારા 'મેમરી ઈમ્પ્રુવમેન્ટ પ્રોગ્રામ' રાખવામાં આવેલ. જેમાં જે.સી. પટેલ દ્વારા વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી માર્ગદર્શન આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા એમ પ્રિન્સિપાલ દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### ચિરવિદાય

- સ્વ. કમુબેન કનુજી ઠાકોર, ઉ.વ. ૩૮
- સ્વ. અરૂણાબેન ભૂપેન્દ્રભાઈ સોની, ઉ.વ. ૬૫
- સ્વ. નિશા મીઠાભાઈ ઠાકોર, ઉ.વ. ૭
- સ્વ. શ્રેયા નવદીપ બારોટ, ઉ.વ. ૨૩
- સ્વ. મનોજભાઈ ગોવિંદભાઈ દંતાણી, ઉ.વ. ૧૯
- સ્વ. હિરાબેન ગાંડાભાઈ બજાણીયા, ઉ.વ. ૫૫